



# સિધ્ધુ પવિત્રી નાદી-જનોઈ

**રક્ષાબંધનમાં ધારણ કરવા માટે જનોઈ-નાદી શ્રેષ્ઠ છે કારણ કે તે અલૌકિક રીતે સિધ્ધ થાય છે અને તેનાથી આધ્યાત્મિક પાવર અને ઊર્જા વધે છે**

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

નાથ સંપ્રદાયમાં 'નાદી પવિત્રી' (કે નાદી જનોઈ) યોગીઓ દ્વારા ગળામાં પહેરવામાં આવતું એક પવિત્ર અને ગુપ્ત આધ્યાત્મિક દોરો છે... જે ઈડા, પિંગલા અને સુષુમ્ના નાડીઓ તથા ગુરુ-શિષ્ય પરંપરાનું પ્રતીક છે.

**કાળા ઊનનો દોરો:** કાળાં ઘેટાંનાં ઊનનાં તંતુઓમાંથી તે તૈયાર થાય છે.

બ્રહ્મગાંઠઃ તેને એક ખાસ બ્રહ્મ ગાંઠથી બાંધવામાં આવે છે.

**પવિત્રી અને નાદી:** તેમાં પવિત્રી, રુદ્રાક્ષ, મંગળ અને સ્ફટિકના મણકા જોડે છે, જે પવિત્રતા અને ઊર્જાનો અહેસાસ કરાવે છે.

**દીક્ષાનું પ્રતીક:** આ ગુરુ દ્વારા શિષ્યને દીક્ષાના સમયે આપવામાં આવે છે.

**ઊર્જા સંતુલન:** તેને પહેરવાથી શરીરની મુખ્ય નાડીઓ અને ચક્ર જાગૃત કરે છે.

**રક્ષણ:** તે સાધકને ખરાબ શક્તિઓમાંથી બચાવે છે અને સાત્ત્વિક જીવન માટે પ્રેરિત કરે છે.

**નાદી જનોઈ**

નાથ સંપ્રદાયના યોગીઓ દ્વારા પહેરવામાં આવતું આ જનોઈ છે, જે નાથ સંપ્રદાય યોગીઓની ઓળખ દર્શાવે છે. આ નાદી કાળાં ઘેટાંનાં ઊનના દોરામાંથી બનાવવામાં આવે છે, જેનાથી આત્મજ્ઞાન વધે છે અને ગુરુ-શિષ્યનું પ્રતીક છે.

આ નાદી જનોઈ નાદ-બ્રહ્મ ઊર્જાને શરીરની મુખ્ય નાડીઓ અને ચક્રોથી જોડે છે... જેનાથી શિષ્ય, સાધક અને યોગીને પૂર્ણ આધ્યાત્મિક ઊર્જા મળે છે! તેથી તે એક શ્રેષ્ઠ સાધક બને છે.

નાદી જનોઈ ધારણ કરવાથી સાધકનું 'અનાહત ચક્ર' જાગૃત થવા લાગે છે.

**નાદી-જનોઈની વિશેષતા**

આ જનોઈનો દોરો કાળા ઘેટાંના ઊનમાંથી બનેલો હોય છે. તેને 16 પાતળા દોરા કરીને બનાવવામાં આવે છે અને આ દરમિયાન પણ વિશેષ જનોઈના મંત્રોના જાપ કરવામાં આવે છે. આ પ્રક્રિયા કેટલાય મહિના સુધી ચાલે છે. આ ગાંઠને બાંધવાથી તેને '64 યોગીનીઓ, 6 યતિઓ અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને શક્તિના આશીર્વાદ મળે છે.

તે એક 'આંતરિક શક્તિ'નું પ્રતીક છે.

નાદી જનોઈમાં 'પવિત્રા' એટલે કે સૂર્યનું પ્રતીક અને પ્રાણનો સ્રોત... જીવનનાં બધાં તત્ત્વોનો આધાર છે.

'સ્ફટિક' જલ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જે શાંતિ અને શુદ્ધતાનું પ્રતીક છે.

'રુદ્રાક્ષ' અગ્નિ તત્ત્વનું પ્રતીક છે.

'મંગળ' વાયુતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જે પરિવર્તન અને લચીલાપણાનું પ્રતીક છે.

'નાડી' આકાશ અને નાદ (ધ્વનિ)નું પ્રતીક છે, જે બ્રહ્માંડીય ધ્વનિ અને ધ્યાનનું માધ્યમ છે.



**નાદી જનોઈ કેમ પહેરવું જોઈએ?**

જનોઈ પહેરવું હિંદુ ધર્મમાં પવિત્રતા, સંયમ અને બ્રહ્મચર્યનું પ્રતીક છે. જનોઈ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવા અને દ્વિજ (બીજી વાર જન્મ થાય) બનવાનું પ્રતીક છે.

જ્યારે વૈજ્ઞાનિક રીતે તે શારીરિક અને માનસિક એકાગ્રતામાં સુધારો તેમ જ બીમારીઓમાંથી બચાવ કરવા માટે મદદરૂપ થાય છે. તે જનોઈ ધારણકર્તાને નકારાત્મક શક્તિઓ સામે રક્ષણ કરે છે.

**નાદી જનોઈ કેવી રીતે સિદ્ધ કરવામાં આવે છે?**

આ જનોઈને સિદ્ધ દિવસ, સિદ્ધ યોગ, ગુરુ યોગ, રવિ યોગ વગેરેમાં પ્રાણ-પ્રતિષ્ઠિત સિદ્ધ કરવામાં આવે છે. આ 'સિદ્ધ નાદી જનોઈ'ને તમે સરળતાથી ગળામાં ધારણ કરી શકો છો.

**નાદી જનોઈના લાભ**

નાદી જનોઈ ધારણ કરવાથી સાધકને 'અનાહત ચક્ર' જાગૃત થવા લાગે છે.

તેને ધારણ કર્યા બાદ વ્યક્તિને 'દ્વિજ' કહેવામાં આવે છે... પહેલો જન્મ માતા-પિતાથી થાય છે અને બીજો જન્મ 'ગુરુ જ્ઞાન'થી પ્રાપ્ત કર્યા બાદ મળે છે.

નાદી જનોઈ પહેરનાર વ્યક્તિને પવિત્રતા અને સાત્ત્વિક જીવન જીવવા માટે પ્રેરિત કરે છે.

નાદી જનોઈ - નાથ સંપ્રદાય યોગીઓની ઓળખ છે.

નાદી જનોઈ પહેરવાથી ભૂત-પ્રેત જેવી ખરાબ શક્તિઓના પ્રભાવ સામે બચાવ થાય છે.

તેને ધારણ કરવાથી માનસિક શાંતિ અને એકાગ્રતામાં વધારો થાય છે.

# રાખડી બાંધવાની ગેરસમજો દૂર કરો



કાળચક્ર

યજ્ઞાનંદ

રક્ષાબંધન 28 ઓગસ્ટ, શુક્રવારે ઉજવાશે. આ દિવસે રાખડી બાંધવાનું શુભ મુહૂર્ત : સવારે 05:57 વાગ્યાથી સવારે 9:48 વાગ્યા સુધી રહેશે (સમયગાળોઃ 3 કલાક 51 મિનિટ).

આ વર્ષે 'ભદ્રા કાળ' સૂર્યોદય પહેલાં જ પૂરો થાય છે.

**રાહુકાળ :** સવારે 10:46 થી બપોરે 12:22 સુધી રાહુકાળ હોવાથી આ દરમિયાન રાખડી ના બાંધવી.

જ્યોતિષ ગણતરી અનુસાર શ્રાવણ પૂર્ણિમા તિથિ 27 ઓગસ્ટ 2026ના રોજ સવારે 9:08 વાગ્યાથી શરૂ થશે. 28 ઓગસ્ટ 2026ને સવારે 9:48 વાગ્યે સમાપ્ત થશે.

ઉદયકાલિક પૂર્ણિમા તિથિ હોવાના કારણે રક્ષાબંધનનો તહેવાર 28 ઓગસ્ટ 2026, શુક્રવારે ઉજવાશે.

**પૂજાની થાળી:** રાખડી બાંધતા સમયે થાળીમાં કંકુ, ચોખા, દીવો, મીઠાઈ અને રાખડી રાખવી.

વિધિઃ સૌથી પહેલાં ભાઈને પૂર્વ કે ઉત્તર દિશા તરફ મોં રાખીને બેસાડવા. ભાઈના કપાળ પર ચાંદલો કરવો. ચોખા ચઢાવવા. દીવો પ્રગટાવવો. તેમની આરતી ઉતારવી. ત્યાર બાદ તેમના જમણા કાંડા પર રાખડી બાંધવી. તેમને મીઠાઈ ખવડાવવી.

**રાખડી બાંધવાનો શ્લોક:** રક્ષાબંધન પર ભાઈને રાખડી કે રક્ષા સૂત્ર બાંધતા સમયે આ પ્રસિદ્ધ શ્લોક બોલવામાં આવે છે :

ૐ યેન બદ્ધો બલિ રાજા દાનવેન્દ્રો મહાબલઃ।
તેન ત્વામપિ બધ્નામિ રક્ષે મા ચલ મા ચલ॥

શ્લોકનો સરળ અર્થઃ જે પ્રકારે મહાન શક્તિશાળી દાનવરાજ રાજા બલિને રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું હતું, એ પ્રકારે હું તમોને બાંધું છું. 'હે રક્ષા સૂત્ર! તું અડગ રહેજે, ક્યારેય વિચલિત ના થઈશ. આ ભાઈનું રક્ષણ કરજે.'

આ મંત્ર ભાઈની લાંબી ઉંમર, સુખ અને સંકટોમાંથી રક્ષણની કામનાની સાથે કાંડા પર રાખડી બાંધવામાં આવે છે.

**શું પીરિયડ્સ દરમિયાન રાખડી બાંધી શકાય છે?**

હા, પીરિયડ્સ (માસિક ધર્મ) દરમિયાન ભાઈને રાખડી બાંધી શકાય છે. આ ભાઈ-બહેનનો કુદરતી અને પવિત્ર તહેવાર છે.

પીરિયડ્સ એક સામાન્ય જૈવિક પ્રક્રિયા છે અને તેને તહેવારની પવિત્રતા પર કોઈ અસર પડતી નથી.

**શું પત્ની પતિને રાખડી બાંધી શકે છે?**

હા, પત્ની પોતાના પતિને રાખડી બાંધી શકે છે. ધાર્મિક અને પૌરાણિક માન્યતાઓ અનુસાર રક્ષાસૂત્ર અથવા રાખડી – રક્ષણ, પ્રેમ અને સ્નેહનું પ્રતીક છે, જે ફક્ત ભાઈ-બહેન સુધી જ સીમિત નથી. પૌરાણિક કથાઓમાં પણ ઈન્દ્રાણી દ્વારા દેવરાજ ઈન્દ્રને રક્ષાસૂત્ર બાંધવાનો ઉલ્લેખ મળે છે.

**પ્રેમીને રાખડી બાંધી શકાય**

સામાન્ય રીતે પ્રેમીને રાખડી બાંધવી બરાબર માનવામાં આવતી નથી. કારણ કે રાખડી ભાઈ-બહેનના પવિત્ર સંબંધો અને રક્ષણ માટેના વચનનું પ્રતીક છે. જો તમે તમારા પ્રેમીને રાખડી બાંધશો તો તમારા સંબંધોની રોમાંટિક અને પ્રેમવાળી ઓળખ બદલીને ભાઈ-બહેન જેવી થઈ જાય છે. જેનાથી તમારા વચ્ચે ગેરસમજ કે અલગપણું આવી જાય છે!

**જો કોઈ મરી જાય તો શું રાખડી બાંધી શકાય?**

પરિવારમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થાય તો સૂતક કાળ માનવામાં આવે છે. આ દરમિયાન પારંપારિક ઉત્સવ, તિલક (ચાંલ્લો), આરતી અને ઉલ્લાસની સાથે રક્ષાબંધનનો તહેવાર ઉજવાતો નથી... પરંતુ નજીકના કે પરિવારમાં મૃત્યુ થવાથી તેને ટાળવું જ યોગ્ય માનવું જોઈએ. પરિવારમાં કોઈ પણ મૃત્યુ થવાથી અશાંતિ અને શોકનું વાતાવરણ હોય છે. એટલા માટે ઉત્સવ ઉજવવાની મનાઈ છે.

સૂતક કે શોકની સ્થિતિમાં ભાઈને રાખડી બાંધી શકાય છે... પરંતુ કંકુ-ચંદનનો ચાંદલો, ચોખા ચોંટાડવા, આરતી વગેરે શુભ કાર્ય કરી શકાતાં નથી. ટૂંકમાં પૂજા અને તિલક વર્જિત છે. ફક્ત રાખડી પ્રેમથી બાંધી શકાય છે. 'મરણ થયું છે' – એમ કહીને રક્ષાબંધનનો તહેવાર બગાડવાની જરૂર નથી. છતાં પણ બીજી વૈકલ્પિક પદ્ધતિ જણાવું છું. જો બહુ જ જરૂરી હોય તો અથવા દૂરના સંબંધમાં ઘટના બની હોય; તો બહેનો રાખડી લાવીને ભગવાનને સમર્પિત કરી શકે છે અથવા કોઈ પણ ઉત્સવ વગર સાધારણ રીતે રાખડી બાંધી શકે છે.



# સંતાનપ્રાપ્તિ માટે પુત્રદા એકાદશીનું વ્રત

**પદ્મ પુરાણ અનુસાર ભગવાન વિષ્ણુ સમર્પિત આ વ્રત કરવાથી 'વાજપેય યજ્ઞ' જેટલું ફળ મળે છે**



જડીબુટ્ટી

નજુમી

શ્રાવણ મહિનાના સુદ પક્ષની એકાદશી તિથિ પુત્રદા એકાદશીનું વ્રત કરવામાં આવે છે. આ એકાદશીને પવિત્રા એકાદશીના નામથી પણ ઓળખાય છે.

આ વખતે આ શુભ તિથિ 23 ઓગસ્ટ 2026ના દિવસે રવિવાર છે.

પદ્મ પુરાણ અનુસાર ભગવાન વિષ્ણુને સમર્પિત આ વ્રત કરવાથી 'વાજપેય યજ્ઞ' જેટલું ફળ મળે છે અને બધી પરેશાનીઓ અને દોષોમાંથી મુક્તિ મળે છે.

જેમ કે શ્રાવણ પુત્રદા એકાદશીના નામથી જ ખબર પડી જાય છે કે, આ વ્રત સંતાનપ્રાપ્તિ માટે કરવામાં આવે છે. આ જ કારણે લગ્નનાં જોડાં સાવન પુત્રદા એકાદશી વ્રતને ઘણી શ્રદ્ધા સાથે કરે છે. તેઓ ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીજી પાસે બાળક માટે આશીર્વાદ, આરોગ્ય, સંતાનપ્રાપ્તિ અને પરિવારની ખુશી માટે પ્રાર્થના કરે છે.

શ્રાવણ પુત્રદા એકાદશી બાળકો સાથે સંકળાયેલ દુઃખને દૂર કરે છે. કેટલાંયે દંપતી સંતાનપ્રાપ્તિ માટે ભગવાન વિષ્ણુને પ્રાર્થના અને પૂજા કરે છે. તે પાછલાં જન્મોની બાધાઓ- નડતરો દૂર કરવા માટે અને પારિવારિક જીવનમાં સકારાત્મક ઊર્જા લાવવામાં પણ મદદ કરે છે. કેટલાંક જોડાં આ વ્રત એકસાથે કરે છે.

સંતાન ના હોવાથી કેટલાંયે દંપતી તણાવગ્રસ્ત અને સામાજિક દબાવમાં હોય છે. તેમના માટે શ્રાવણ પુત્રદા એકાદશીનો ઉપવાસ એક આશાનું કિરણ લઈને આવે છે!

સંતાનપ્રાપ્તિ માટે પૂજા વિધિ

શ્રાવણ પુત્રદા એકાદશીના દિવસે પૂજા સ્થળ પર ભગવાન વિષ્ણુનો ફોટો કે મૂર્તિ મૂકવી.

- તુલસીનાં પાન, ફળ, ચોકલેટ, ધૂપ, દીવો અને પાણી ચઢાવવું. કેમ કે ભગવાન વિષ્ણુ તુલસીને ઘણી પ્રિય માને છે તેથી તેને શ્રદ્ધા-ભક્તિથી ચઢાવવું જોઈએ.

પૂજામાં 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' નો જપ કરતાં રહેવું. દંપતી આ મંત્રનો 108 વાર જાપ કરી શકે છે. ઉપરાંત પુત્રદા એકાદશીની કથા સાંભળવી જોઈએ.

- કેટલાંયે ભક્તો દિવસે ઉપવાસ કરે છે. કેટલાંક પાણી, દૂધ કે ફળ લે છે. આ દિવસે ચોખા, અનાજ, દાળ, ડુંગળી, લસણ તેમ જ માંસાહારી ભોજન કે શરાબ માટેની અનુમતિ નથી!

# લગ્નમાં નડતર... મંગળ દોષ... અને દામ્પત્યસુખનો સંપૂર્ણ ઉપાયઃ શિવગૌરી કવચ

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

આપણાં બાળકોનાં સમય પર લગ્ન થાય... તે એક મોટી સમસ્યાનું રૂપ લઈ ચૂક્યો છે. પુત્ર કે પુત્રીનાં લગ્ન માટે કેટલાયે પ્રકારનાં વિઘ્નો કે સમસ્યાઓ ઊભી થઈ જાય છે. ક્યારેક ઉચિત વર કે કન્યા મળતી નથી... તો ક્યારેક શિક્ષણ, ક્યારેક સુંદરતા... ક્યારેક કુંડળી મેળાપક... ક્યારેક ખાનદાન વગેરેમાં કોઈ ને કોઈ કારણસર લગ્નમાં વિલંબ થઈ જાય છે. બીજી તરફ બાળકોની વધતી ઉંમર જોઈને માતા-પિતાની ચિંતાઓ પણ વધે છે.

મનુષ્યની પ્રકૃતિ છે કે તે એકલો રહી શકતો નથી. કોઈ ને કોઈનો સાથ ઈચ્છે છે. યુવા અવસ્થામાં આવતાં જ એક સાથીની આવશ્યકતા પડે છે જે જીવનભર તેનો સાથ નિભાવી શકે. લગ્નનો એક સમય હોય છે... જો તે ચઢતી ઉંમરમાં લગ્ન સંપન્ન થઈ જાય તો લગ્ન જીવનને રસ-ગંધમય બનાવીને પ્રફુલ્લિત કરે છે. સમય પર લગ્ન ના થવાથી છોકરા-છોકરીઓને વિભિન્ન માનસિક તથા શારીરિક રોગોમાંથી અકળાયેલાં જોવા મળે છે. સાથે જ તેમનાં વડીલો પણ માનસિક અશાંતિથી ત્રસ્ત રહે છે.

લગ્ન વિલંબની સમસ્યાને હલ કરવા માટે સામાન્ય રીતે મંત્ર-સાધના માટે પરામર્શ આપવામાં આવે છે. પરંતુ મંત્ર-સાધનાની શાસ્ત્રાનુમોદિત તેમ જ અનુભવસિદ્ધ પ્રવિધિ કઈ છે તેનું સમ્યક્ જ્ઞાન ન તો મંત્ર આપનારને હોય છે, અને ના તો મંત્ર લેનારને હોય છે.

મંગળ દોષ કે માંગલિક કુંડળી અથવા કુંભ વિવાહ એક એવો વિષય છે જેના સંબંધમાં અથવા તો મંગળ દોષની તીક્ષ્ણતાની વ્યાખ્યા... જરૂર કરતાં વધારે થઈ જાય છે અથવા તેની વક્રતાને જરૂર કરતાં ઘણી ઓછી કરીને પ્રસ્તુત કરવામાં આવે છે પરંતુ નુકસાન બંને સ્થિતિઓમાં થાય છે. મંગળ દોષના શમન, લગ્ન નડતર તેમજ દામ્પત્ય સુખ માટે 'મંગળગૌરી વ્રત' કરવામાં આવે છે. તે બહુપરીક્ષિત છે તથા શીઘ્ર ફળ આપનાર 'પાર્વતી મંગલ સ્તોત્ર'નો પાઠ કરવો જોઈએ. ઘણા મંગળવાર પણ કરે છે.

દામ્પત્ય જીવનમાં આવનારાં વિઘ્નો તેમજ અંતર વિરોધ પણ એક દારુણ સમસ્યાનું કેન્દ્ર છે. જો તમે પણ અથવા તમારા પરિવારમાં કોઈ વધારે ઉંમર થયા બાદ પણ જો કોઈ લગ્ન ના થવાથી પરેશાન હોય તો આ ક્વચ તેમની સમસ્યાના નિદાનમાં મદદરૂપ થઈ શકે છે. આવા જ યુવકો માટે વિશેષ રીતે આ શિવગૌરી ક્વચ નિર્મિત કરવામાં આવશે, જેને ધારણ કરવાથી જલદીથી તમારા લગ્નમાં આવતાં બધાં નડતરો આપોઆપ જ સમાપ્ત થઈ જાય છે અને તમારુ લગ્ન પણ થઈ જાય છે. બીજી તરફ જો તમારું લગ્નજીવન સુખપૂર્વક પસાર ના થતું હોય તો તમારા માટે આ સુવર્ણ અવસર છે.... કારણ કે હવે તા. 13 ઓગસ્ટ 2026થી શ્રાવણ



મહિનો શરૂ થાય છે તેથી શિવ-પાર્વતીની વધારે કૃપાથી શીઘ્ર લગ્ન થાય છે. તેથી તમે ઉપરોક્ત સમસ્યાઓના નિવારણ માટે વિશેષ રીતે નિર્મિત અને લગ્ન થવા માટેના અનેક મંત્રોથી સિધ્ધ શિવગૌરી ક્વચ ધારણ કરીને લાભ ઉઠાવી શકો છો!